(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)




૨૬મી જાન્યુઆરી ૨૦૧૪ પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા અનોખી ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે જિલ્લા પોલીસ વડાની કચેરીની બહારની દિવાલ પર ૮૩ જેટલા કલાકારોએ ૫૦૦ મીટર લાંબા ચિત્રનું નિર્માણ કર્યું હતું. આજે હિંમતનગર શહેરના પોલીસ હેડ ક્વાર્ટર ખાતે દેશ ભક્તિને ઉજાગર કરવા અને શહેરી વિસ્તારમાં લોકજાગૃતિ અર્થે બેટી બચાવો, નારી સરંક્ષણ, સ્ત્રી ભૃણ હત્યા અટકાવવી, પર્યાવરણ બચાવો, ભ્રષ્ટાચાર નાબુદી, આદિવાસી ભાતીગળ સંસ્કૃતિ, ગ્રામ્ય સંસ્કૃતિ, આરોગ્ય, શિક્ષણ, રાષ્ટ્રીય એકતા, જળ બચાવો, જળ સંચય, કન્યા કેળવણી, સફાઈ અભિયાન, ઉપરાંત રાષ્ટ્રીય ક્રાન્તિકારી ચળવળ અને શહિદોની વિરાજંલીને ગૌરાન્વિત કરતા ૮૦ થી વધુ ચિત્રોનું નિર્માણ યુવા કલાકારોએ કર્યું હતું. સમગ્ર શહેરના લોકોએ યુવા કલાકારોની કલ્પનાઓને મૂર્તિમંત થતી નિહાળી હતી.

આ ૫૦૦ મીટર લાંબી ભીંત ચિત્ર નિર્માણ સ્પર્ધામાં સી.એન. વિદ્યાલયના ફાઈન આર્ટસના ૫૦ વિદ્યાર્થીઓ તેમજ અન્ય સ્થાનિક યુવા ચિત્રકારો પણ જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર ચિત્રકારોને કલર, કિટ અને બ્રશની સુવિધા જિલ્લા વહિવટીતંત્ર દ્વારા પુરી પાડવામાં આવી હતી.

# કાંકરેજના મોટા જામપુર ખાતે થયેલ ચોરીનો આરોપી ઝડપાયો

કાંકરેજ, તા. ૭

કાંકરેજ તાલુકાના મોટા જામપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના એક બંધ મકાનને કેટલાક તસ્કરોએ નિશાન બનાવ્યું હતું અને મકાનમાંથી ઘરવખરીનો અંદાજે ૭ હજારની કિંમતનો મુદ્દામાલ લઈ ગયા હતા જે અંગે શિહોરી પોલીસે ચોરીની ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી અને આજે આ ચોરીના આરોપીને પોલીસે ઝડપી પાડ્યો હતો.



કાંકરેજ તાલુકાના મોટા જામપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નજીક સરકારી ક્વાટર્સ આવેલા છે. જેમાં સોનાબેન ગમારનું મકાન છેલ્લા એક માસથી બંધ પડ્યું હતું આ બંધ મકાનને કેટલાક તસ્કરોએ નિશાન બનાવ્યું હતું અને મુખ્ય દરવાજાના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને ઘરમાં રહેલી નાની મોટી ઘરવખરીની ચીજવસ્તુઓ મળી અંદાજે રૂ. ૭૬૯૫ની કિંમતનો મુદ્દામાલ લી પલાયન થઈ ગયા હતા. આ ચોરી અંગે સોનાબેનને ખબર પડતા તેમણે શિહોરી પોલીસમથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી અને મુદ્દામાલ રીકવર કર્યો હતો.



અરવલ્લી જિલ્લાના વડાગામ ગ્રામ પંચાયતના વર્ષોથી સરપંચ પદે રહી ચૂકેલ સંગ્રામસિંહ રહેવરની પ્રથમ માસિક પુણ્યતિથિ પ્રસંગે વડાગામની તમામ શૈક્ષણિક સંસ્થાઓના બાળકોને તિથિ ભોજન આપવાનો કાર્યક્રમ સ્વ.ના પરિવાર તરફથી આજે યોજાયો હતો. આમ કરીને સ્વ.ને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.
(તસવીર : કલ્પેશ જોષી,વડાગામ)

# હિંમતનગર ખાતે વણકર મહાસંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૭

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના વણકર સમાજના હિતોનું રક્ષણ થાય તેમજ સમાજની સમસ્યાઓના ઉકેલ માટે અને ચર્ચા-વિચારણા કરવા માટે આગામી તા. ૯-૧-૨૦૧૪ ના રોજ સવારે ૧૦ કલાકે જિલ્લામાં સર્વપ્રથમ વત વણકર મહા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.


આ સંમેલનનો હેતુ વણકર સમાજના પ્રશ્નોનું સમાધાન કરવાનો છે. તેમજ તેનું સ્વરૂપ બિન રાજકીય પ્રકારનું છે. આ સંમેલનમાં કોઈ પણ જાતના ભેદભાવ વિના સમાજના હિતની ખેવના કરનાર મહાનુભાવો અને અગ્રણીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે.

સાબરકાંઠા વણકર સમાજના અગ્રણીઓના જણાવ્યા મુજબ ગાંધીનગર વણકર સમાજના આગેવાનો ભવનના બાંધકામ માટે રાહત દરે જમીન મેળવવા માટે છેલ્લા કેટલાક સમયથી આંદોલન કરી રહ્યા છે. આ આંદોલનના નેતાઓ તેમના વ્યક્તિગત સ્વાર્થ માટે અમારા સંમેલનમાં આવી સંમેલનને તોડવાનો પ્રયાસ કરે તેવી દહેશત છે. ગાંધીનગર વણકર સમાજની જમીનની માંગણી સામે અમને કોઈ વાંધો વિરોધ નથી પરંતુ અમારા સંમેલનમાં કોઈ પણ પ્રકારની તોફાની હરકત કરવામાં આવે તે અમને મંજુર નથી અને તે કોઈપણ સંજોગોમાં ચલાવી લઈશુ નહી. આ સંદર્ભમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા કટીબદ્ધ છીએ જેની સર્વે સંબંધિતોને નોંધ લેવા આયોજક નરેશ પરમારે જણાવ્યું હતું.

# ડીસામાં ઓવરબ્રિજ માટે ભાજપી કાર્યકરોએ નાયબ કલેક્ટરને આપ્યું આવેદન પત્ર

ડીસા, તા. ૭

બનાસકાંઠાના મુખ્ય વિકસિત સીટી તરીકે ખ્યાતનામ ડીસાનો હાઈવે છે. આ વિસ્તારમાંથી શહેરમાં પ્રવેશવાના ચાર મુખ્ય પ્રવેશ દ્વારો આવેલા છે. ગાયત્રી મંદિર પાસે ડોક્ટર હાઉસ હોઈ રાજસ્થાન સહીતનાં પ્રદેશોમાંથી દર્દીઓની ભારે ઘસારો



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

વિસ્તાર એક્સીડેન્ટ ઝોન સમાન બનતા અહીંથી પસાર થતા ભારે વાહનોના તોતિગં ટાયરો વચ્ચે અનેકો કચડાઈ કરૂણતાએ મોતને ભેટેલ છે ત્યારે શહેરનાં એક છેડેથી બીજા છેડા સુધી ઓવરબ્રિજની માંગ કરી આજે ભાજપી કાર્યકરોએ નાયબ કલેક્ટર ડીસાને આવેદન પત્ર આપ્યું હતું.

ડીસાનો નેશનલ હાઈવે નંબર-૧૪ છેલ્લા ઘણા સમયથી નિર્દોષ રાહદારીઓ મોત યમદૂત બની રહ્યા

સમગ્ર શહેરની મુખ્ય આવન-જાવનના આ ચારેય માર્ગો ભારે ભીડ ભર્યા અને રાહદારીયોથી ભરચક રહેતા હોઈ તેમજ આ હાઈવે વિસ્તાર પરથી સતત ભારે વાહનો પણ પસાર થતા હોઈ અહીં છાશવારે ગમખ્વાર અકસ્માતો સર્જાય છે એક અંદાજ મુજબ છેલ્લા ૧૨ માસમાં અહીં નાનામોટા અકસ્માતોમાં ૧૫ થી વધુ નિર્દોષ નાગરીકોએ જીવ ગુમાવ્યા છે. તો વળી અહીંના થતા મોટી ટ્રાફિક સમસ્યા સર્જાય છે. જેનો એક માત્ર ઉકેલ ડીસા માર્કેટ યાર્ડથી ગાયત્રી મંદિર સુધીનો ઓવરબ્રિજ હોઈ આજે ડીસા શહેર અને તાલુકા ભાજપે કેન્દ્ર સરકાર તાત્કાલિક ધોરણે આ ઓવરબ્રિજ બનાવે તેવી માંગ કરી હતી. અને રસ્તો રોકી સૂત્રોચ્ચાર કરી ગાયત્રી મંદિરથી નાયબ કલેક્ટર ડીસા કચેરી સુધી રેલી કાઢી હતી અને નાયબ કલેક્ટર દિગંત બ્રહ્મભટ્ટને આવેદન પત્ર આપ્યું હતું.

# અરવલ્લી જિલ્લો બન્યા છતાં માહિતી ખાતાની કચેરીનો અભાવ...!

મોડાસા, તા.૭

સાબરકાંઠા જિલ્લામાંથી અરવલ્લી જિલ્લો બન્યા બાદ આજ સુધી નવા જિલ્લામાં રાજય સરકારનું કલેકટર કચેરીએ વારંવાર તાકીદ કરવા છતાં આર.ટી.ઓ. વિભાગ પોતાની કચેરી શરુ કરતું નથી જેના લીધે બાયડ, મેઘરજ, માલપુર, આવા લોકો તમામ તાલુકામાં ફરીને કલેકટર કચેરીના ઓફિશીયલ માહિતી અધિકારી હોવાનો દાવો કરે છે. આ બાબતમાં તથ્ય કેટલું છે? તે



અભિન્ન અંગ એવી માહિતી ખાતાની કચેરીનો સદંતર અભાવ વર્તાય છે. જેના લીધે કેટલાક બની બેઠેલા લેભાગુ લોકો પોતાને અરવલ્લીના મીડીયા મેનેજર તરીકે ઓળખાવે છે. આ લોકો અધિકૃત છે કે કેમ? તેની તપાસ કરવામાં આવે તેવી જનતાની માંગ છે.

સાબરકાંઠા જિલ્લામાંથી અરવલ્લી જિલ્લો અલગ થયા બાદ તમામ સરકારી કચેરીઓ શરુ થઈ શકી નથી. ડીએસપી માંડ થોડા દિવસ પહેલા આવ્યા છે ત્યારે જિલ્લા મોડાસા, ભિલોડાની જનતાને હિંમતનગર ધક્કા ખાવા પડે છે. અરવલ્લી જિલ્લા કલેકટરના તાબા હઠળ ચાલતી વિવિધ કચેરીમાં લેવાતા નિર્ણય, કાર્યક્રમો, પ્રજાલક્ષી માહિતી આમ આદમી સુધી પહોંચે તે માટે ગૂજરાત સરકારનું અભિન્ન અંગ કહેવાતી માહિતી ખાતાની કચેરી જ શરુ થઈ શકી નથી જે ભારે વિવાદની વાત છે. લોકોમાં થતી ચર્ચા મુજબ અરવલ્લી જિલ્લા કલેકટર કચેરીને ભાડૂતી બની બેઠેલા મીડીયા મેનેજરોથી કામ ચલાવવું પડે છે? બાબતની જિલ્લા કલેકટર બી.જે. ભટ્ટ તપાસ કરાવે તેવી જનતા તથા પત્રકારોની માંગ છે. પ્રાઈવેટ વ્યકિતઓના સહારે કયારેક રાજય સરકારની પ્રજાલક્ષી માહિતીનું સાચું આદાન પ્રદાન શકય નથી! આ કામ માત્ર ને માત્ર જિલ્લા કલેકટર કચેરીના સ્ટાફે પત્રકારોના મોબાઈલ નંબર, ઈમેલ લઈને સીધું જ કરવું જોઈએ! અથવા હિંમતનગરમાં આવેલ માહિતી કચેરીના માહિતી અધિકારીને કામ સોંપવું જોઈએ તે સનાતન સત્ય જ છે...!

## દામાવાસ કંપામાં ગ્રામોત્કર્ષ શિબિરનો પ્રારંભ

લક્ષ્મીપુરા, તા.૭

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામથી નજીકમાં આવેલ દામાવાસ કંપામાં સ્થિત સી.જે. હાઈસ્કૂલ વડાલીના એન.સી.સી.ના વિદ્યાર્થીઓ દ્વારા ગ્રામોત્કર્ષ શિબિર યોજાઈ રહી છે. આ શિબિરના ઉદઘાટન પ્રસંગે તખતસિંહ હડિયોલ, નરેશ પટેલ ખાસ ઉપસ્થિત રહેશે. જેમાં દામવાસ દૂધ ઉત્પાદક સહ મંડળી, સેવા સહ. મંડળી, ગ્રામ પંચાયત તથા દામાવાસ કંપાના ગ્રામજનોના સહકારથી લોકપયોગી પ્રવૃત્તિઓમાં સહયોગ આપવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત આ શિબિરમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કરવામાં આવી રહ્યા છે.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજના ભાખરિયા બસ સ્ટેન્ડ પાસે આવેલ પતંજલિ આરોગ્ય કેન્દ્ર ખાતે જાયન્ટસ ગ્રુપ ઓફ પ્રાંતિજ પ્લેટીનીયમના સહયોગથી સાબરકાંઠા જિલ્લા પંચાયતના આરોગ્ય અધિકારી ડૉ. મનીષ ફેન્સીના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ આરોગ્ય વિભાગના આર્યુવેદિક ડોકટરોએ મંગળવારના રોજ એક મફત આર્યુવેદિક નિદાન કેમ્પનું આયોજન કર્યુ હતું. જેમાં પ્રાંતિજ બ્લોકના આઠ મેડીકલ ઓફિસર હાજર રહ્યા હતા. આ કેમ્પને દીપ પ્રગટાવી પોગલુંના મહંત સુનીલદાસજીએ ખુલ્લો મુકયો હતો. આ પ્રસંગે જિલ્લા આરોગ્ય અધિકારી, પ્રાંતિજ નગરના અગ્રણીઓ, જાયન્ટસ કલબના પ્રમુખ અને સભ્યો હાજર રહ્યા હતા. આ કેમ્પ સવારે ૯ વાગે શરુ થયેલો અને બપોરે એક વાગે પૂર્ણ થયેલ. જેમાં ૩૦૦થી વધુ દર્દીઓએ પોતાના રોગનું નિદાન કરાવ્યું હતું. તમામ દર્દીઓને જિલ્લા પંચાયત દ્વારા મફત આયુર્વેદિક દવાઓ પણ આપવામાં આવી હતી.

# દાંતીવાડા તાલુકાની સ્વામી વિવેકાનંદ મંડળની બેઠક મળી

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)



દાંતીવાડા, તા.૭

મળતી માહિતી મુજબ દાંતીવાડા તાલુકા પંચાયતના બેઠક હોલ ખાતે તાલુકા સ્વામી વિવેકાનંદ મંડળની બેઠક મળી હતી. બેઠક દરમિયાન મહિલાઓ તેમજ પુરુષોની ૧૧૦ જેટલી સંખ્યામાં હાજરી જોવા મળી હતી.

આ કાર્યક્રમની બેઠકમાં સ્વામી વિવેકાનંદ મંડળના તાલુકાના અધ્યક્ષ હરજીવનભાઈ ચૌધરીએ સરદાર પટેલ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ જિલ્લામાંથી આવેલા મીતાબેન સોની દ્વારા સ્વામી વિવેકાનંદ વિશે અનેક ચર્ચા કરાઈ હતી. આમ બેઠકના કાર્યક્રમમાં આવનાર દરેક કાર્યકર તેમજ નાના મોટા જવાબદાર વ્યકિતઓને સ્ટેચ્યુ ઓફ યુનિટીના આવનારા દિવસોના કાર્યોમાં સતત ખડે પગે રહી કામોને જવાબદારી પૂર્વક પુરા કરવા આહ્વાન કરાયું હતું.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન અભિષેકભાઈ નાયબ મામલતદાર, એ.સી. પંચાલ સર્કલ ઓફિસર દાંતીવાડા, સીડીપીઓ દાંતીવાડા, મહિલા મંડળ તાલુકા પ્રમુખ પાયલબા દેવોલ, મહિલા મંડળ તાલુકા મંત્રી સુરેખાબેન ઠાકર, યુવા મોરચો મહામંત્રી અશોકભાઈ જેગોડા, યુવા મોરચો મંત્રી મુકેશભાઈનાઈ, જિલ્લા બક્ષી મોરચો સદસ્ય ઈશ્વરભાઈ રબારી, સકતી કેન્દ્ર ડાગીયા તાલુકા સીટ પ્રમુખ સિધ્ધરાજસિંહ વાઘેલા, તાલુકા મિડીયા સેલ કન્વીનર પ્રવીણ પટેલ, પ્રમુખ સ્વામી વિવેકાનંદ મંડળ દાંતીવાડા સુરેશભાઈ રાજપૂત તેમજ અનેક ગામોના પ્રમુખો અને મંત્રીઓ હાજર રહ્યા હતાં.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન